# પશ્ચિમ રેલ્વે દ્વારા તેજસ એક્સપ્રેસ સહિત ગુજરાત થી કુલ પાંચ વિશેષ ટ્રેનો નું પરિચાલન





અમદાવાદ, યાત્રીઓ ની સુવિધા માટે પશ્ચિમ રેલ્વે દ્વારા મુંબઈ - અમદાવાદ તેજસ એક્સપ્રેસ સહિત ૪ જોડી વિશેષ ટ્રેનો ચલાવવાનો નિર્ણય કર્યો છે. અમદાવાદ મંડળ ના મંડળ રેલ પ્રબંધક શ્રી દિપક કુમાર ઝા ના જણાવ્યા મુજબ, આ ટ્રેનો પ્રસ્થાન ની તારીખ અનુસાર આગળની સૂચના સુધી ચાલુ રહેશે. આ વિશેષ ટ્રેનો ની વિગત નીચે મુજબ છેઃ ટ્રેન નં. ૦૨૯૪૫/૦૨૯૪૬ મુંબઈ સેન્ટ્રલ-ઓખા સુપરફાસ્ટ સ્પેશિયલ સૌરાષ્ટ્ર મેલ (પ્રતિદિન) - ટ્રેન નં. ૦૨૯૪૫ મુંબઈ સેન્ટ્રલ-ઓખા સ્પેશિયલ ટ્રેન ૧૫ ઓક્ટોબર, ૨૦૨૦ થી ૨૧.૩૫ કલાકે મુંબઈ સેન્ટ્રલ થી ઉપડશે અને બીજા દિવસે ૧૫.૩૫ કલાકે ઓખા પહોંચશે. આવી જ રીતે ટ્રેન નં. ૦૨૯૪૬ ઓખા-મુંબઈ સેન્ટ્રલ વિશેષ ટ્રેન ૧૬ ઓક્ટોબર, ૨૦૨૦ થી ૧૩.૧૦ કલાકે ઓખા થી ઉપડશે અને બીજા દિવસે ૦૭.૧૦ કલાકે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. મુસાફરી દરમિયાન આ ટ્રેન દાદર, બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ, વિરમગામ, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર અને દ્વારકા સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે. ટ્રેનમાં ફર્સ્ટ એસી, એસી II ટાયર, એસી III ટાયર, સ્લીપર અને સેકન્ડ ક્લાસ સીટીંગ કોચ હશે.

ટ્રેન નં.૦૨૯૭૧/૦૨૯૭૨ બાન્દ્રા ટર્મિનસ-ભાવનગર સુપરફાસ્ટ સ્પેશિયલ એક્સપ્રેસ - (ત્રી-સાપ્તાહિક) - ટ્રેન નંબર ૦૨૯૭૧ બાંદ્રા ટર્મિનસ - ભાવનગર ટર્મિનસ સ્પેશિયલ બાંદ્રા (ટી) થી ૧૭ ઓક્ટોબર, ૨૦૨૦ થી દર મંગળવાર, ગુરુવાર અને શનિવારે ૨૧.૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે ૧૦.૩૦ કલાકે ભાવનગર ટર્મિનસ પહોંચશે. આવી જ રીતે, ટ્રેન નંબર ૦૨૯૭૨ ભાવનગર ટર્મિનસ - બાંદ્રા (ટી) સ્પેશિયલ ભાવનગર ટર્મિનસ થી ૧૬ ઓક્ટોબર ૨૦૨૦ થી દર સોમવાર, બુધવાર અને શુક્રવારે ૧૮.૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૮.૩૫ કલાકે બાંદ્રા (ટી) પહોંચશે. આ ટ્રેન અંધેરી, બોરીવલી, વાપી, વલસાડ, નવસારી,સુરત, વડોદરા, અમદાવાદ, વિરમગામ, સુરેન્દ્રનગર ગેટ, જોરાવરનગર, લીંબડી, રણપુર,બોટાદ,ધોલા,સોનગઢ, સિહોર, ગુજરાત અને ભાવનગર પરા સ્ટેશનો પર રોકાશે. ટ્રેનમાં એસી ૨ ટાયર,એસી ૩ ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ સીટીંગ કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૦૦૩/૦૯૦૦૪ બાન્દ્રા ટર્મિનસ - ભુજ એ.સી. સ્પેશિયલ એક્સપ્રેસ (ત્રી-સાપ્તાહિક) - ટ્રેન નંબર ૦૯૦૦૩ બાન્દ્રા ટર્મિનસ - ભુજ સ્પેશિયલ બાન્દ્રા (ટી) થી દર બુધવાર, શુક્રવાર અને રવિવારે ૧૬ ઓક્ટોબર ૨૦૨૦ થી ૨૩.૪૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે ૧૨.૪૦ વાગ્યે ભુજ પહોંચશે. આવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૦૪ ભુજ - બાંદ્રા (ટી) વિશેષ ભુજ થી દર સોમવાર, ગુરુવાર અને શનિવારે ૧૭ ઓક્ટોબર, ૨૦૨૦ થી ૧૫.૫૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૫.૧૫ કલાકે બાંદ્રા (ટી) પર પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, સુરત, વડોદરા, અમદાવાદ, સામાખ્યાલી અને ગાંધીધામ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં ફર્સ્ટ એસી , એસી II ટાયર અને એસી III ટાયર કોચ હશે.

ટ્રેનનંબર ૦૨૯૪૧/૦૨૯૪૨ ભાવનગર-આસનસોલ સુપરફાસ્ટ સ્પેશિયલ એક્સપ્રેસ (સાપ્તાહિક) - ટ્રેન નંબર ૦૨૯૪૧ ભાવનગર ટર્મિનસ - આસનસોલ સ્પેશિયલ ૨૦ ઓક્ટોબર, ૨૦૨૦ થી દર મંગળવારે ૧૭.૩૦ કલાકે ભાવનગર ટી થી ઉપડશે અને ગુરુવારે ૧૦.૨૫ વાગ્યે આસનસોલ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૨૯૪૨ આસનસોલ - ભાવનગર ટી સ્પેશિયલ, ૨૨ ઓક્ટોબર, ૨૦૨૦ ને ગુરુવારે ૧૯.૪૫ વાગ્યે આસનસોલ થી ઉપડશે અને શનિવારે ૧૧.૧૦ વાગ્યે ભાવનગર ટી પહોંચશે. આ ટ્રેન સોનેગઢ, ધોલા જં., બોટાદ, જોરાવરનગર, વિરમગામ, અમદાવાદ, નડિયાદ, વડોદરા, દાહોદ, રતલામ, શામગઢ, ભવાનીમંડી, રામગંજમંડી, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સીટી, આગ્રા ફોર્ટ, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, પ્રયાગરાજ, દીનદયાળ ઉપાધ્યાય જં,ભભુઆ રોડ, સાસારામ, ડેહરી ઓન સોન, અનુગ્રહ નારાયણ, ગયા, કોડરમા, પારસનાથ અને ધનબાદ બંને દિશામાં રોકાશે. ટ્રેનમાં એસી ૨ ટાયર, એસી ૩ ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ સીટીંગ કોચ હશે.

ટ્રેન નંબર ૮૨૯૦૧/૮૨૯૦૨ મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ તેજસ એક્સપ્રેસ (ગુરુવાર સિવાય) - ટ્રેન નંબર ૮૨૯૦૧ મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ તેજસ એક્સપ્રેસ, મુંબઈ સેન્ટ્રલ થી ૧૭ ઓક્ટોબર, ૨૦૨૦ થી ૧૫.૩૫ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૨૧.૫૫ કલાકે અમદાવાદ પહોંચશે. આવી જ રીતે, ટ્રેન નંબર ૮૨૯૦૨ અમદાવાદ - મુંબઈ સેન્ટ્રલ તેજસ એક્સપ્રેસ ૧૭ ઓક્ટોબર ૨૦૨૦ ના રોજ અમદાવાદ થી ૦૬.૪૦ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૧૩.૧૦ કલાકે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. આ ટ્રેન અંધેરી, બોરીવલી, વાપી, સુરત, ભરૂચ, વડોદરા અને નડિયાદ સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે. ટ્રેન માં એસી ચેર કાર અને એક્ઝિક્યુટિવ એસી ચેર કાર કોચ હશે.

# અરવલ્લી-સાબરકાંઠામાં કાળ ત્રાટક્યો ત્રણ અકસ્માતમાં ત્રણ યુવાનનાં મોત

બાયડ, અરવલ્લીમાં મોડાસા-શામળાજી રોડ પર મરડીયા પાટિયા નજીક ટ્રકના ચાલકે અડફેટે લેતાં સુરપુર ગામના યુવકનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નિપજતાં સ્થાનિક લોકોએ ભારે આક્રોશ સાથે હાઈવે પર ઉતરી ચક્કાજામ કર્યો હતો. જેના કારણે વાહનોની કતાર લાગતાં પોલીસે તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી સ્થાનિકોને સમજાવી ચક્કાજામ દૂર કરી વાહનવ્યવહાર પૂર્વરત કરાવ્યો હતો અને અકસ્માત સર્જી ફરાર ટ્રકને ટોલટેક્ષ નજીકથી ઝડપી લીધો હતો. અન્ય એક બનાવમાં સાઠંબા-ગાબટ રોડ પર બાઈકને ટ્રેક્ટરે ટક્કર મારતાં ટોટુ ગામના બાઈક સવાર યુવકનું મોત નિપજ્યું હતું. મોડાસા-શામળાજી રોડ પર આવેલા મરડીયા પાટિયા નજીકથી રવિવારે સવારે પસાર થતા સુરપુર ગામના ૧૮ વર્ષીય આકાશ હિંમતસિંહ મકવાણાને શામળાજી તરફથી પુરપાટ ઝડપે આવી રહેલો ટ્રક ટક્કર મારી નાસી છૂટ્યો હતો. ટ્રકની અડફેટે યુવકનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. ઘર નજીક જ યુવકનું અકસ્માતમાં પ્રાણપંખેરું ઉડી જતા પરિવારજનો અને લોકોનાં ટોળેટોળાં ઉમટ્યાં હતાં. મરડીયા પાટિયાથી સુરપુર રોડ પર બેફામ ગતિએ પસાર થતાં વાહનોથી છાસવારે અકસ્માતની ઘટનાઓમાં નિર્દોષ લોકોએ જીવ ગુમાવવો પડતો હોવાથી લોકો રોષ સાથે બમ્પ અને સર્કલ બનાવવાની માંગ સાથે રોડ પર ઉતરી આવી હાઈવે બ્લોક કરતાં પોલીસતંત્રમાં દોડધામ મચી હતી. : હિંમતનગરના જામળા ગામના મનહરભાઈ રામજીભાઈ ઓડ તથા અંકેશભાઈ ખેંગારભાઈ ઓડ બાઈક નં.જીજે. ૦૯.બીએફ. ૨૬૭૦ લઈને હિંમતનગર નવાં કપડાં સિવડાવવા માટે જઈ રહ્યા હતા ત્યારે શનિવારે વકતાપુર નજીક મારૂતિ કાર નં. જીજે. ૦૯. બીબી. ૨૨૧૪ના ચાલકે પાછળથી ટક્કર મારી ગમ્ભ્વાર અકસ્માત કર્યો હતો. અકસ્માત દરમિયાન મનહરભાઈ રામજીભાઈ ઓડ (ઉ.વ.૨૯) તથા અંકેશભાઈ ખેંગારભાઈ ઓડને ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જે દરમિયાન સિવિલ હોસ્પિટલના તબીબોએ મનહરભાઈ રામજીભાઈ ઓડનું અવસાન થયું હોવાનું જણાવ્યું હતું. બનાવની જાણ થતાં પરિવારમાં શોકની લાગણી ફેલાઈ છે. બાઈક પાછળ બેઠેલા અંકેશભાઈને પણ ઈજાઓ થતાં સારવાર આપવામાં આવી હતી. આ અંગે કાર ચાલક વિરુદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દાંતા પંથકમાંથી ચોરી કરી ફરાર થયેલા ત્રણ ચોર પાલનપુરથી ઝબ્બે



પાલનપુર, દાંતા પંથકમાંથી મોટર સાયકલ તેમજ એક ગૃહસ્થની થેલી કાપી રૂ.૨૫૦૦૦ની ચોરી કરી ફરાર થયેલા ત્રણ ચોરને પાલનપુર પશ્ચિમ પોલીસે સીસીટીવી ફુટેજના આધારે પાલનપુરમાંથી ઝડપી લઈ ચોરી થયેલ તમામ મુદ્દામાલ રીકવર કરવામાં આવ્યો હતો.

બનાસકાંઠામાં ચોરીના બનાવોના પગલે જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ દ્વારા તમામ પોલીસને ચોરી સંબધીત ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપવામાં આવી હતી. તાજેતરમાં દાંતા પંથકમાંથી એક ગૃહસ્થની થેલી કાપી રૂ.૨૫૦૦૦ની ચોરી થઇ હતી. જે ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થતાં પાલનપુર પશ્ચિમ પોલીસ મથકના પીઆઈ કે.પી.ગઢવીને બાતમી મળી હતી કે, દાંતામાં થયેલ ચોરીના આરોપીઓ પાલનપુર બાવરીડેરા વિસ્તારના છે. જેથી સ્ટાફના પીએસઆઈ એલ.જે.વાળા, જોરાવરસિંહ, વિનોદભાઈ, ચંદ્રકાંત, લાલજીભાઈ, નાથુભાઈ, શોહરતખાન, યોગેશદાન સહિતે પાલનપુરના બાવરીડેરામાં રેડ કરી દાંતા પંથકમાં થયેલી ચોરીના ત્રણેય આરોપીઓ ૧.હિરાભાઈ જલારામ વઢીયાર ઉ.વ.૨૧, ૨.પરશોતમ રણછોડભાઈ વઢીયાર ઉ.વ.૨૩, ૩.રવિ ઉર્ફે ગેડો સુરજભાઈ બાવરીને ઝડપી તેમની પાસેથી ચોરીનો મુદ્દામાલ રીકવર કરી વધુ તપાસ હાથ ધરી છે.

# થરાદમાં કુટણખાનું ચલાવતાં માતા, પુત્રી અને પુત્ર ઝબ્બે

થરાદ, થરાદ નગરમાં બહારથી ગ્રાહકો બોલાવીને પોતાના ઘરમાં જ કુટણખાનું ચલાવતા પંચવટી સોસાયટીના એક પરિવારની બે મહિલા અને એક યુવક સહિત ત્રણની સામે છજીઁ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. અનૈતિક ધંધાનો પર્દાફાશ કરવાની સાથે તેમના શોષણનો ભોગ બની રહેલી પશ્ચિમ બંગાળની યુવતીને પણ મુક્ત કરાવી હતી. આમ થરાદ નગરમાંથી અનૈતિક ધંધો કરાવનાર એક જ પરિવારની ટોળકીને ઝડપી તેમના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા ઉપરાંત તેમાં કોણ કોણ સામેલ છે તે દિશામાં પણ વધુ કાર્યવાહી હાથ ધરાતાં અસમાજીક તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

થરાદના મદદનીશ પોલીસ અધિક્ષક પુજા યાદવને નગરની પંચવટી સોસાયટીમાં રહેતી મહિલા તથા તેનો પુત્ર યોગેશ સોની તથા તેની પુત્રી મળીને પોતાના આર્થીક ફાયદા માટે પોતાના મકાનમાં બહારથી છોકરીઓ (સ્ત્રીઓ) બોલાવી, પોતાના ઘરમાં રાખી, મોબાઈલ દ્વારા ગ્રાહકોનો સંપર્ક કરી બહારથી ગ્રાહકો બોલાવી તેઓને પોતાના મકાનમાં રાખેલ (સ્ત્રીઓ) છોકરીઓ સાથે સગવડ પુરી પાડી એક ગ્રાહક દીઠ રૂપિયા ૨૦૦૦ લઈ કુટણખાનુ ચલાવે છે તેવી ચોક્કસ બાતમી મળી હતી. આથી IGP ભુજ રેન્જ અને બનાસકાંઠાના જીઁનું માર્ગદર્શન મેળવી એક ડમી ગ્રાહક તૈયાર કરી ડીકોય ટ્રેપનું આયોજન કર્યું હતું. તે મુજબ શનિવારે થરાદના PI. જે.બી.ચૌધરી તથા કર્મચારીઓ વિક્રમભાઈ વસ્તારામ, સેધાભાઈ કાળાભાઈ, રવજીભાઈ ગંગારામભાઈ, વસનાભાઈ હીરાભાઈ, મોઘીબેન ભુદરભાઈ, ખેમીબેન મેઘજીભાઈ સાથે પંચવટી સોસાયટીમાં ડમી ગ્રાહક (પંટર) રેડ કરી હતી. દરમ્યાન તેણીના ઘરમાંથી મુળ પશ્ચિમ બંગાળની અને હાલ સુરત રહેતી એક યુવતી પણ મળી આવી હતી. તેણીને આ મુખ્ય મહિલા પ્રલોભન આપી ફોન કરીને બોલાવતી હતી તેમજ ઘણા ઓછા પૈસા આપતી હતી. પોલીસે મહિલાના ઘરમાંથી કોન્ડોમ અને અંગજડતીમાંથી રોકડા ૫૫૦૦ તથા ત્રણ મોબાઈલ ફોન કિંમત રૂ.૨૦૦૦૦ પણ કબજે લીધા હતા.

# ટીંટોઈના નિવૃત્ત આર્મી જવાનની નિરંતર દેશસેવા, યુવાનોને નિઃશુલ્ક લશ્કરી તાલીમ


મોડાસા, અરવલ્લી જિલ્લાના અનેક યુવકો દેશની સુરક્ષા માટે વિવિધ દળમાં જોડાઈ મા ભોમની રક્ષા કરી રહ્યા છે. કેટલાક જવાનોએ દેશની સુરક્ષા કરતા શહીદી વ્હોરી છે છતાં હજુ પણ લશ્કરમાં ભરતી થવાનો જુસ્સો યથાવત છે. સીઆઈએસએફમાં ફરજ બજાવી નિવૃત્ત થયેલા મોડાસા તાલુકના ટીંટોઈ ગામના ખેમાભાઈ અંબાભાઈ મોરી ‘વેતન માટે નહીં વતન’ માટે નિઃશુલ્ક યુવાનોને આર્મીમાં જવા માટે શારીરિક માનસિક રીતે તૈયાર કરવાનું અનોખું અભિયાન ચલાવાઈ રહ્યા છે. ટીંટોઈ ગામના ગૌચરને મેદાનમાં ફેરવી દઈ તાલીમ આપી રહ્યા છે. લશ્કરમાં ભરતી થવા માટે ટીંટોઈ સહિત આજુબાજુના વિસ્તારના મોટી સંખ્યામાં યુવાનો આ તાલીમમાં જોડાઈ રહ્યા છે. નિવૃત્ત આર્મી જવાનની પહેલની સમગ્ર પંથકમાં સરાહના થઈ રહી છે. ટીંટોઈ ગામમાંથી ૧૦થી વધુ યુવાનો હાલ આર્મીમાં ફરજ બજાવી રહ્યા છે. ખેમાભાઈ મોરી સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ (અર્ધ લશ્કરી દળ)માં ૩૯ વર્ષ સુધી દેશની સેવા કરી ૫ મહિના અગાઉ વયનિવૃત્ત થયા હતા. નિવૃત્તિ લીધા બાદ અન્ય યુવાનો પણ દેશ માટે કંઈક કરી શકે તેવા ઉદ્દેશ સાથે ગામના ગૌચરને લશ્કરી ટ્રેનિંગ સેન્ટરની જેમ ફેરવી દઈ સ્થાનિક અને આજુબાજુના વિસ્તારના યુવાનોને આર્મીમાં જોડાવા માનસિક અને શારીરિક રીતે તૈયાર કરવા નિઃશુલ્ક તાલીમ કેમ્પ શરૂ કર્યો છે. જ્યાં તેઓ યુવાનોને આર્મી જેવી જ કઠોર તાલીમ આપી યુવાનોને સક્ષમ બનાવી રહ્યા છે. ખેમાભાઈ કહે છે કે, હું વેતન માટે નહીં પરંતુ વતન માટે કામ કરી રહ્યો છું. દેશ માટેનું મારૂ ઋણ અદા કરી રહ્યો છું.

# રાજસ્થાનથી આવી રહેલા ત્રણ યુવકોને કારમાં દારૂ સાથે પોલીસે ઝડપી લેતાં નશો ઉતર્યો

મોડાસા, અરવલ્લી એલસીબી પોલીસે ત્રણ યુવકોને વિદેશી દારૂ અને બિયરના નંગ-૮ સાથે મોડાસાના કુડોલ ચાર રસ્તા પરથી દબોચી લેતાં ત્રણે યુવકોનો દારૂનો નશો ગણતરીની સેકંડમાં ઉતરી ગયો હતો. પોલીસે ત્રણે શખ્શો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગુજરાતમાં દારૂબંધી હોવાથી વિદેશી દારૂ પીનાર શોખીનો શામળાજી રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાનમાં આવેલી હોટલો અને દારૂના ઠેકા પર પહોંચી દારૂની મહેફિલ જમાવી પરત ફરતા હોય છે. રાજાપાઠમાં અનેક લોકો અરવલ્લી જિલ્લા પોલીસની અડફેટે ચઢતા હોવાથી જેલની હવા ખાવાનો વારો આવે છે. રાજસ્થાનમાં ગુજરાત કરતા અડધી કિંમતે વિદેશી દારૂ મળતો હોવાથી દારૂના શોખીનો પરત ફરતી વખતે થોડી ગણી બોટલ વાહનમાં સંતાડીને લઈ આવતા હોવાની વાત જગ જાહેર છે ત્યારે અરવલ્લી એલસીબી પીઆઈ આર.કે.પરમારે ટીમ સાથે મોડાસા તાલુકાના કુડોલ ચાર રસ્તા પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું ચેકીંગ હાથ ધર્યું હતુગં. દરમિયાન શણગાલ તરફથી આવતી સ્વિફ્ટ કાર (નં-ધ્ત.૧૮.મ્ઞઁ.૬૮૨૧)ને અટકાવી તલાસી લેતાં કારમાં સંતાડી રાખેલી વિદેશી દારૂ-બિયરની બોટલ નંગ-૮ કિં.રૂ.૫૩૦૦ સાથે કાર ચાલક વિશાલ અમરતભાઈ પંચાલ, કપીલ રવિભાઈ ભીમાણી અને જીગર જ્યંતીભાઈ પટેલ ઝડપાઈ ગયા હતા. પોલીસે કાર, મોબાઈલ મળીને કુલ.રૂ.૨,૧૨,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ત્રણે વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# વિશ્વ અવકાશ સપ્તાહ કાર્યક્રમની એક સપ્તાહની ઉજવણી




અમદાવાદ, વિશ્વ અવકાશ સપ્તાહ કાર્યક્રમની એક સપ્તાહની ઉજવણીના ભાગ રૂપે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ), સાયન્સ સિટી, સ્પેસ એપ્લીકેશન સેન્ટર (એસએસી-ઈસરો) અને ફિઝીકલ રિસર્ચ લેબોરેટરી (પીઆરએલ)એ ૧૦ ઓક્ટોબર ૨૦૨૦ ના રોજ વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ઉપગ્રહો બનાવવા,સંશોધન અને તાલીમ સુવિધાઓ વિશે એક વિશેષ વેબિનરનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું.

એસએસી-ઈસરોના પ્રખ્યાત વિજ્ઞાનીકોએ વિવિધ યોજનાઓ અને એસ.ટી.ઈ.એમ. વિષયના વિદ્યાર્થીઓને ઈસરો મિશનમાં ભાગ લેવા અને અવકાશ તકનીક શીખવા માટે ઉપલબ્ધ તકો વિશે વિસ્તૃત રજૂઆત અને ચર્ચા કરી હતી. સેશનમાં આ ક્ષેત્રના ભાવિ ઉદ્યોગસાહસિકોનો વિકાસ કેવી રીતે કરવો કે જેથી તેઓ દેશની અંદર ઉપયોગ માટે અને બજારમાં હરીફ બનવા માટે સ્પેસ ટેક્નોલોજી સબસિસ્ટમો અને એકમોની રચના વિકાસ અને પરીક્ષણ કરી શકે.

શ્રી નિલેશ એમ.દેસાઈ (એસોસિએટ ડાયરેક્ટર, એસ.એ.સી.એસ.-ઈસરો.)એ જણાવ્યું હતું કે,“છેલ્લા કેટલાક વર્ષોમાં,અનેક યુનિવર્સિટીઓ/શૈક્ષણિક સંસ્થાઓએ ઈસરોના અંતરિક્ષ કાર્યક્રમોમાં તેમજ ટેક્નોલોજી વિકાસ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો છે તેમ છતાં આ સંખ્યા પ્રોત્સાહક નથી. તેમણે વિદ્યાર્થી અને અધ્યાપકોને વિનંતી કરી કે ટૂંક સમયમાં જ વિદ્યાર્થી ઉપગ્રહની રચના કરવાના સ્વપ્નને પૂર્ણ કરવાની તકને ઝડપી લેવી જોઈએ. ડો. આશા છાબ્રાએ (સિનિયર વિજ્ઞાનીક, એસ.એ.સી.એસ.-ઈસરો) સ્પેસ એપ્લિકેશન સેન્ટરમાં સંશોધન તકો અને પદ્ધતિઓ વિશે વિસ્તૃત રજૂઆત આપી. જે માત્ર તકનીકી લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે જ બનાવવામાં આવી નથી પરંતુ યુવા સંશોધન વિદ્વાનો અને ઈજનેરોને શીખવાની તકો પૂરી પાડવા અને અવકાશ વિજ્ઞાન અને તકનીકીમાં કારકીર્દીમાં આગળ વધવા માટે બનાવવામાં આવી છે.

શ્રી ચિરાગ પી. દિવાને(સિનિયર સાયન્ટિસ્ટ અને ગ્રુપ ડિરેક્ટર, એસએસી-ઈસરો) એસટીઈએમના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ તાલીમ અને વિદ્યાર્થીઓની ઈન્ટર્નશિપ સુવિધાઓ વિશે ખાસ ચર્ચા કરી.–

# ડીલા ફાર્માએ ટીકાકેડ® રજૂ કરી

અમદાવાદ : કેડીલા ફાર્માસ્યુટિકલ્સે P૨૩૧૨ નામનુ ટીક્ગ્રેલોર ધરાવતી પ્લેટલેટ અવરોધક ધરાવતી ટીકાકેડ® ની ભારતમાં રજૂઆત કરી છે,જેનાથી એક્યુટ(તીવ્ર) કોરોનરી સિન્ડ્રમ (એસીએસ) ધરાવતી વ્યક્તિઓમાં કાર્ડીયોવાસ્ક્યુલર મોત અને માયોકાર્ડીયલ ઈનફેક્શન (એમઆઈ) અને સ્ટ્રોકમાં ઘટાડો થવાનો નિર્દેશ મળે છે. ભારતમાં દર ૪માંથી ૧ મોત કાર્ડીયોવાસ્ક્યુલર (હૃદય અંગેની) બીમારીને કારણે થાય છે, જેમાં હૃદયમાંથી રક્તનલીકાઓમાં લોહી નહી પહોંચવાને કારણે ૮૦ ટકાથી વધુ મોત થતાં હોય છે. એક્યુટ કોરોનરી સિન્ડ્રોમ એ એક એવી સ્થિતિ છે કે જેમાં હૃદયના સ્નાયુઓનો અમુક હિસ્સો યોગ્ય રીતે કામ કરી નહી શકવાને કારણે રક્તનો પ્રવાહ ધીમો પડી જતો હોય છે, અને આખરે મોત થાય છે આ બોજ ઘટાડવા માટે કેડીલા ફાર્માએ ટીકાકેડ® ની રજૂઆત કરી છે,જેનાથી સ્ટ્રોકના કિસ્સામાં ૧૯ ટકા અને લોહી નહી પહોંચવાને કારણે થતાં મોતના કિસ્સામાં ૨૦ ટકાનો ઘટાડો થાય છે. એક્યુટ કોરોનરી સિન્ડ્રોમના ઓછામાં ઓછા પ્રથમ ૧૨ માસ માટે તે ક્લોપીડોગ્રલની તુલનામાં બહેતર પરિણામ આપે છે. કંપનીના વાઈસ પ્રેસીડેન્ટ સેલ્સ એન્ડ માર્કેટીંગ શ્રી રવિકીરણ નુમ્બુરી જણાવે છે કે “ટીકાકેડ® ની રજૂઆત કરીને અમે અમે હૃદયરોગના દર્દીઓ માટે સારી સંભાળ અને દવા પૂરી પાડી છે. કેડીલા નોડોન અને ટેલી એએમ જેવાં કાર્ડીયાક સ્પેશ્યાલિટી ડ્રગ્સ પૂરાં પાડે છે તેમાં ટીકાકેડ® નો ઉમેરો થયો છે. અમે સમાજની સેવાનુ મિશન આગળ ધપાવી રહ્યા છીએ.”(૧૯-૧)

# હોમ ક્રેડિટે બે નવા વિકલ્પો સાથે તેના હેલ્થકેર ઈન્સ્યુરન્સ પોર્ટફોલિયોને વિસ્તૃત કર્યો

અમદાવાદ, યુરોપ અને એશિયામાં કાર્યરત આંતરરાષ્ટ્રીય કન્ઝ્યુમર ફાઈનાન્સ પ્રોવાઈડરની સ્થાનિક કંપની અને ભારતમાં ફાઈનાન્શિયલ ઈંકલુંશન (આર્થિક સમાવેશ) વધારવા કટિબદ્ધ છે હોમ ક્રેડિટ ઈન્ડિયાએ, તેના વર્તમાન અને નવા ગ્રાહકો માટે તેના ઈન્સ્યુરન્સ પોર્ટફોલિયોમાં નવા પ્રોડક્ટસ ઉમેરવાની જાહેરાત કરી. આ નવા પ્રોડક્ટસમાં બજાજ એલીઆન્ઝ જનરલ ઈન્સ્યુરન્સનો ફેમિલી હેલ્થકેર ઈન્સ્યુરન્સ અને પોકેટ ઈન્સ્યુરન્સ (ક્રેડિટ લિંક્ડ હેલ્થ પ્લાન અને ગ્રુપ ગાર્ડ ઈન્સ્યુરન્સ) નો સમાવેશ થાય છે. હોમ ક્રેડિટ ઈન્ડિયાના ગ્રાહકો ૩ થી ૫ લાખ રૂપિયા સુધીની વીમા રકમ માટે કવરેજ મેળવી શકે છે. આ પોલિસીમાં રોગો માટે (કોવિડ -૧૯ સહિત) અને આકસ્મિક ઈજા થવાના કિસ્સામાં દરરોજ ૫૦૦ રૂપિયા હોસ્પિટલ રોકડ લાભ સાથે હોસ્પિટલાઈઝેશન કવર મળે છે. તેમાં કોઈપણ હોસ્પિટલ અથવા ડે-કેર સેન્ટરમાં પ્રોસીજર અથવા સર્જરી ખર્ચનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ નીતિ આયુર્વેદિક અને હોમીયોપેથીક હોસ્પિટલાઈઝેશન ખર્ચને પણ લાગુ પડે છે. હોમ ક્રેડિટએ બજાજ એલીઆન્ઝ ઈન્સ્યુરસનો પોકેટ ઈન્સ્યુરન્સ જે ક્રેડિટ લિંક્ડ હેલ્થ પ્લાન અને ગ્રુપ ગાર્ડ વીમા તરીકે ઓળખતો ઈન્સ્યુરસ (વીમો) પણ લોન્ચ કર્યો છે. આશરે ૩૦૦ રૂપિયાના પ્રીમિયમથી શરૂ થાય અને તે પ્લેટિનમ, ગોલ્ડ, સિલ્વર, બ્રોન્ઝ અને કોપર એમ પાંચ વેરિયન્ટમાં ઉપલબ્ધ છે. આ પોકેટ સાઈઝ ઈન્સ્યુરન્સ વિકલ્પોનો દાવો હોસ્પિટલના રોકડ ભથ્થું, ક્રિટીકલ ઈલનેસ કવર, પર્સનલ એક્સિડેંટ (વ્યક્તિગત અકસ્માત) કવર અને એક્સિડેંટલ હોસ્પિટલાઈઝેશન માટે દાવો કરી શકાય છે. પસંદ કરેલા પોકેટ ઈન્સ્યુરન્સ આધારે, તેમાં મહત્તમ ૧ લાખ રૂપિયા સુધીનું કવરેજ મળે છે. (૧૩-૫)

**Nandini Texcom (India) Limited**
B-304, International Commerce Center, Near Kadiwala School, Ring Road, Surat - 395002
Phone : 0261-4004596, Email : nandinitexcom@hotmail.com
CIN : L65910GJ1994PLC021165 www.nandinitex.com

**Notice**
Notice is hereby given that a Meeting of the Board of Directors of the Company (vide serial no. NTIL/BM/Q3/20-21/4) is scheduled to be held on Tuesday, the 20th day of October, 2020 at 3.00 P.M. at registered office of the Company B-304, International Commerce Center, Near Kadiwala School, Ring Road, Surat - 395002 IN, Gujarat.
To consider and inter alia to approve the quarterly un-audited Result and limited review reports of the Company for the quarter ended on 30.09.2020 and any other matter with the permission of chair.
For, on the behalf of the board
Sd/-
Nishtha Pamnani
(Company Secretary)
Place : Surat
Date: 12-10-2020

**KRISHNA CAPITAL & SECURITIES LIMITED**
(CIN: L67120GJ1994PLC023803)
Registered Office: 403, Mauryansh Elanza, B/h. Parekh Hospital, Shyamal Cross Road, Satellite, Ahmedabad: 380015,
Phone: 079-26768572, 26768573,
E-Mail: ksbspl@yahoo.in, Web Site: www.kcsl.co.in

**NOTICE**
Notice is hereby given that a meeting of the Board of Directors of the Company will be held on **Wednesday, 28th October, 2020** at 04.30P.M. at the Registered Office inter alia to consider and take on record unaudited Standalone and Consolidated Financial Result for the Second Quarter Ended on **30th September, 2020** under Regulation 29 (1) (a) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.
By Order of the Board
**Krishna Capital & Securities Ltd**
Sd/-
Ashokkumar Agrawal
Managing Director
DIN: 00944735
Place: Ahmedabad
Date: 12/10/2020

**ફોર્મ નં. આઈએનસી ૨૬**
[કંપની (ઈનકોર્પોરેશન) નિયમ ૨૦૧૪ની કલમ૩૦ અનુસરતા]
કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ એક રાજ્ય થી અન્ય રાજ્યમાં લઈ જવા માટે
ન્યુઝપેપરમાં જાહેરાત પ્રસિદ્ધ કરવા
**રિજનલ ડાયરેક્ટર, ઉત્તર પશ્ચિમ રીઝન, અમદાવાદ સમક્ષ**
કંપનીઝ (ઈનકોર્પોરેશન) નિયમ ૨૦૧૪ની કલમ ૩૦(૬)(એ)અને કંપનીઝ એક્ટ, ૨૦૧૩ના સેક્શન ૧૩(૪) બાબતમાં
અને
**ગોલ્ડમાઈન એસેટ્સ પ્રાઈવેટ લીમીટેડ( સીનઃU67120DN2013PTC005593) રજીસ્ટર્ડ ઓફિસ એટ્ પરમાર પ્રકાશ સિંહ પ્રભાતસિંહ શોપ નં. ૧૦૩, ૧૦૪ નરોલી રોડ, સિલવાસા દાદરા એન્ડ નગર હવેલી ડીએન ૩૯૬૨૩૦...** બાબતમાં
અરજીકર્તા...
જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે કંપનીએ કેન્દ્ર સરકારમાં કંપનીઝ એક્ટ ૨૦૧૩ની કલમ ૧૩ મુજબ એક દરખાસ્ત કરી છે કે કંપનીએ વધારાની સામાન્ય સભા તા. ૯મી ઓક્ટોબર, ૨૦૨૦ના રોજ મળી હતી તેમાં કંપની તેની રજીસ્ટર્ડ ઓફિસ યુનિયન ટેરીટોરી ઓફ દાદરા એન્ડ નગર હવેલી થી ગુજરાત રાજ્ય માં લઈ જવા માંગે છે તે ઠરાવ કર્યો છે તે મેમોરેન્ડમ ઓફ એસોસીએશનમાં ફેરફાર કરવા ઈચ્છે છે.
જો કોઈ વ્યક્તિને આ કંપનીના આ સુચિત પરિવર્તનથી અસર થતી હોય તો તેણે રોકાણકારોની ફરિયાદ વિભાગમાં ફાઈલીંગ કરવું અથવા પોતાના વાંધાઓ અને તેના કારણો સૌગંધનામા સાથે રજીસ્ટ્રર્ડ પોસ્ટ દ્વારા રિજનલ ડાયરેક્ટર,ઉત્તર પશ્ચિમ રીઝન,આર ઓ સી ભવન, રૂપલ પાર્ક સોસાયટી સામે, અંકુર બસ સ્ટેન્ડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩ ને આ નોટીસ પ્રસિદ્ધ થયાના ચૌદ દિવસની અંદર આપવાની રહેશે અને એ કોપી નીચે દર્શાવેલ કંપનીની રજીસ્ટર્ડ ઓફીસના સરનામાં ઉપર આપવાની રહેશે.
**ગોલ્ડમાઈન એસેટ્સ પ્રાઈવેટ લીમીટેડ**
**પરમાર પ્રકાશસિંહ પ્રભાતસિંહ**
**શોપ નં. :૧૦૩,૧૦૪,**
**નરોલી રોડ, સિલવાસા દાદરા એન્ડ નગર હવેલી**
**ડીન ૩૯૬૨૩૦ઈન**
**તારીખ : ૧૦ ઓક્ટોબર,૨૦૨૦**
**સ્થળ : સિલવાસા દાદરા એન્ડ નગર હવેલી**
**કિરીટ તુલસીદાસ વસ્સા**
**ડાયરેક્ટર ડીનઃ ૦૦૮૩૬૬૨૦**